☞ ખાસ શીયા ઈમામી ઈસમાઈલીઓ માટે !!!

યા અલી મદદ.

શુક્રવારી બીજનો મહિમા.

લખનાર.

સીભાઈ નાનજી માસ્તર

તથા

રજી પુંજા માસ્તર.

છપાવી

પ્રગટ કરનાર.

શેઠ હુશેનભાઈ નેણસી

નથુ.

તા૦ ૨ જુન ૧૯૧૬.

હી૦ સ૦ ૩૦ રજબ ૧૩૩૪ શુક્રવાર

કિંમત અમુલ્ય.

૬૩૮૩

આ પેમ્ફલેટ મેનેજર વલીભાઈ નાનજીએ ધી ભારત
સિંધી પ્રીન્ટીંગ પ્રેસ ૧૧૩ પાકમોડી મહોલ્લા મુંબઈ
નં૦ ૯માં છાપ્યું અને શેઠ હુસેનભાઈ નજુસી
ભાઈએ સાલેમામદ પીરા ઈવાણીના મકાનમાં
ત્રીજે માળે પાલખા મહોલ્લા મુંબઈ નં૦ ૯ મા
પ્રગટ કર્યું.

પ્રસ્તાવના.

પ્રસંગોપાત લેખો બહાર પાડવાથી જે ફાયદો થાય છે તે બીજા ટાઇમે બહાર પાડવાથી થતો નથી. આ મુજબ "મારી ઈદ" "હજ અને ત્રવેણી" વિગેરે પેમ્પલેટો પ્રસંગોપાત બહાર પડેલ છે પણ "શુક્રવારી બીજ" જેવા પવિત્ર દિવસે કોઇબી પેમ્પલેટ બાહેર પડેલું હોય એવું અમોએ સાંભળ્યું નથી તેથી આ સમય ઉપર તેજ વિષયને લગતુ પેમ્ફલેટ બહાર પાડવાનું અમોને ઉચીત લાગ્યું અને આવું પ્રસંગોપાત પેમ્ફલેટ છપાવી પ્રસિદ્ધ કરનાર શેઠ હુસેનભાઇ નેણસી નથુએ જે હિંમત કરી છે તે માટે તેઓને ખરેખર ધન્યવાદ ઘટે છે, અને અમો આશા રાખીએ છીએ કે અન્ય ઉદાર ગૃહસ્થો આવા પ્રસંગોનો લાભ લે તો આપણી કોમમાં ઘણો ફાયદો થાય.

સાલગ્રેહ જેવા શુભ પ્રસંગે અનેક મંડળો તરફથી તે પ્રસંગને અનુસરતા પેમ્ફલેટો બહાર પડે છે. પણ તે એક જ વિષયને લગતાં હોઇ અને ખુશાલ પ્રદર્શિત કરવાના વિષય સિવાય અન્ય બાબદો ભાગ્યેજ સમાવેશ કરવામાં આવતી હોઇ, ખુશાલીના પ્રસંગની ખુશી બતાવવા ઉપરાંત વધારે લાભ ભાગ્યેજ થઇ શકે છે ને તેથી આવા પ્રસંગે પણ જો શુભ વિચાર દર્શાવતા અને પ્રસંગને અનુસરતા વિચારો વિદ્વા-

નો તરફથી બહાર પડતા રહે તો જરૂર ઘણેએક અંશે પ્રાયદો થાય.

આ બાબત માટે વિદ્વાન વર્ગ અને ઉત્સાહી વર્ગનું અત્રે ધ્યાન ખેંચવાની અમો અઇન ફરજ સમજીએ છીએ, અને આશા રાખીએ છીએ કે બીજા આવા પ્રસંગે આ લેખ કરતાં વધારે સારા લેખો વિદ્વાન વર્ગ તરફથી બહાર પડશેજ.

છેવટમાં અમો સર્વે દીન બંધુઓને અરજ ગુજારીએ છીએ કે આ પેમ્ફલેટ વાંચી મનન કરી પોતાના ભાઇબંધ દોસ્તદારોને વંચાવી આવા અમુલ્ય વખતનો લાભ લેશે તો અમારો આ પ્રયાસ સફળ થયેલો ગણાશે. આમીન ! ! !

લી૦

વલીભાઇ નાનજી માસ્તર

તથા

હરજી પુંજા માસ્તર,

શુક્રવારી બીજનો મહિમા.

ગુરૂવારની સાંજનો સમય હતો, ચોપાટી ઉપર આવેલા બંગલાના કંપાઉંડમાં શેઠ ઈસમાઈલ પોતાની ફેમીલી સાથે સાંજની ઠંડી લેહરોની મોજ અનુભવતા હતા, અને સામે ઘુઘવાટી કરતા સમુદ્રની લહેરો નીહાળતા બેઠા હતા. તેમની સામે તેમના બે પુત્ર અને બે પુત્રીઓ બેઠી હતી બાજુના બાંક ઉપર તેમની ઘરવાળી બાઈકુલસુમબાઈ બેઠા હતા, અને બીજે પડખે તેમના બેન બાઈશારાબાઈ બેઠા હતા. તેવે વખતે શેઠે કહ્યું કે " બેન, આવતી કાલે શુક્રવારી બીજ છે. તેના મહિમા વિષે આપણા મહાન બોધગુરૂએ ઘણું વર્ણન કરેલું છે, અને બીજ રાખવામાં અજીમ સવાબ હાંસલ થાય છે તેવું ફરમાવેલું છે. "

નાસર—" બાપા ! શુક્રવારી બીજ એટલે શું ? "

ઈસમાઈલભાઈ—" બેટા ! પ્રાચીન કાળથી આજ સુધી વ્રત રાખવાનું દરેક શાસ્ત્રોમાં ફરમાવેલું છે. "

નાસર—"બાપા! પણ જ્યારે હું ખડક જમાતખાના સ્કુલમાં શીખતો હતો તે વખતે ત્યાં ધાર્મીક શીક્ષણ આપવામાં આવતું હતું; તેમાં હું શીખ્યો હતો કે –

કર્તા યુગમાં સોમવારી એકાદશીનું વ્રત રાખવામાં આવતું.

બીજા ત્રેતાયુગમાં મંગળવારી ચઉદશનું વ્રત રાખવામાં આવતું.

ત્રીજા દુઆપુર જુગમાં બુધવારી અમાસનું વ્રત રાખવામાં આવતું હતું."

ઈસમાઈલભાઈ—"શાબાશ બેટા! તેં ત્રણ જુગની હકીકત કહી, તેવીજ રીતે આજ કળીયુગમાં શુકરવારી બીજનું વ્રત રાખવાની ફરજ આપણા મહાન બોધગુરૂઓએ બતાવેલીછે"

ગુલબાનુ—"બાપા! અમારી બાઈજીએ એક વખત શુકરવારી બીજના વિષય ઉપર વીવેચન કરતાં જ્ઞાનના થોડાએક પાઠો ઉતરાવેલ છે. જો તમે કહો તો હું વાંચી સંભળાવું."

ફુલસુમભાઈ—"જા બેટા, તારી નોંધપોથી લઈ આવ અને તે પાઠો સંભળાવ."

ગુલબાનુ વીજળીના વેગે ઘરમાં દોડી ગઈ અને બુક લઈ આવી અને વાંચવા લાગી.

જ્ઞાનના પાઠો.

૧ એજી બીજ શુકરવારી શરેવીએ,
અને નીશ દીને નીસીજધ મન;
ગુર ગત માંહે આરાધ કરતાં,
થાઈએ બહુજ પાવન.

૨ એજી સતપંથ માંહે તમે સાચા થઈને ચાલો,
તો બીજ શુક્રવારી કરણા—એવી તઈએ તમે.

* * * * *

૩ એજી આજકલ વારે વરત છે મોટો,
તે માંહે ખંડત ન કરીએ—એવી તઈએ તમે.

ઈસમાઈલભાઈ—" શાબાશ બેટા ! તમે આ ઉપરથી સમજ્યા હશો કે શુક્રવારી બીજનું વ્રત આપણે રાખીએ તો કેટલો ફાયદો હાંસલ થાય છે. જુઓ પહેલા પાઠમાં કહ્યું છે કે:—

શુક્રવારી બીજ રાખવાથી મન નિશ્ચળ યાને મન સ્થીર બને છે, જેને સંસ્કૃતમાં મનોનિગ્રહ કહેવામાં આવે છે, અને મન તાબે થવાથી ખુદાવંદતાલામાં ધ્યાન રહી શકે છે અને ખુદાવંદતાલામાં ધ્યાન રહેતાં અવિચલ પદને પહોંચાય છે.

મન સ્થીર રાખી ભવમાં ખુદાવંદની બંદગી કરવાથી અનંત પાપનો નાશ થઈને આપણે પવિત્ર બનીએ છીએ, જેમ આરીસો સાફ થતાં આપણો ચહેરો સાફ જોવામાં આવે છે, તેમ આપણા હૃદયમાં પાપનો નાશ થતાં ખુદાવંદના નુરનો પ્રકાશ પડે છે, એટલા માટે બીજા પાઠમાં સતપંથમાં સાચા થઈને ચાલવા માટે શુક્રવારી બીજ પાળવાની ફરજ નાંખેલી છે અને ત્રીજા પાઠમાં કળીયુગના વ્રત તરીકે ગણી તેને ખંડ-

ન નહિ કરવાની સુચના કરેલી છે. ”

કમરખાનુ—“ હા બાપા ! તેથીજ અમો તે દીવસથી આજ સુધી કોઈ દીવસ બીજ રાખ્યા વગર રહેલ નથી. અને અમારી બધી જોડલો (બેનપણીઓ) ને સમજાવીને બીજ પાળવા ભલામણ કરીએ છીએ.”

શારાબાઈ—“ ઈસમાઈલભાઈ ! પણ આ છોકરીઓ તો ધાર્મિક શીક્ષણ શાળામાં શીખવા જતી, જેથી આવી બાબતો જાણે છે પણ અમારા જેવી મોટી ઉમરની બાઇઓ અને ભાઇઓ કે જેઓને તેવી કેળવણી મલેલ નથી તે આનું કયાંથી સમજે ? ”

ઈસમાઈલભાઈ—“ બહેન! એ ધ્યાન જમાતના મુખી કામડીઆએ રાખવું જોઇએછે કે, જ્યારે તે દિવસ આવવાનો હોય ત્યારે આગલે દિવસે જમાતને ચેતવણી આપવી જોઇએ અને સાથે વ્રત રાખવાથી શું ફાયદાછે તથા ફરજ વિવેચનથી સમજાવવી જોઇએ, તેમજ સમજુ માબાપોએ પોતાનાં બચ્ચાંઓને ફરજ અદા કરવાનું શીખડાવવું જોઇએ.”

કમરૂદીન—“ ત્યારે બાપા હું પણ હવેથી બીજનું વૃત ભુલીશ નહિ અને બેબીને પણ આપણે વૃત રખાવવું જોઇએ.”

ઈસમાઈલભાઈ—“ પણ બેટા ! તને ખબર છે કે વ્રત રાખવાની ફરજ બાર વરસની ઉમરથી લાગુ પડે છે. તને નવમું વરસ ચાલે છે તેથી તારા ઉપર ફરજ લાગુ પડી શકે નહિ, પણ જો તારે વ્રત રાખવા ઈચ્છા હોય અને તે હોંસથી

બની શકે તાં ઘણી નેક વાત છે, પણ બેબીની ઉમર તો ઘણીજ નાનીછે તેથી તેના ઉપર કોઈ જાતની ફરજ નથી. ”

કમરૂદીન—“ બાપા ! તમે શુકરવારી બીજ રહ્યાની ફરજ સમજાવી પણ તે કેવી રીતે રહેવી, અને તેના શું શું નીયમો છે તે વિસ્તારી સમજાવો. ”

ઇસમાઈલભાઈ—“ જા બેટા ! એક વરસમાં બીજ બે વખત આવે છે, અને બીજા વરસમાં ત્રણ વખત આવે છે, એ મુજબ બે વરસમાં પાંચ વખત શુકરવારી બીજ આવે છે.”

ગુલબાનું—“ પણ બાપા ! અમોને અમારી બાઈજીએ સતગુરના સલોકાનો પાઠ નીચે પ્રમાણે ઉતરાવેલ છે.

જ્ઞાનનો પાઠ.

સતગુર કહેરે સતનું વ્રત સુક્રવારી બીજ છે,
અને બારપોર પૂરા જાણ;
અરધો અહાર કરી જે રાખશે,
તે પામશે અમર ઠામરે.

એ મુજબ આપણા પીરોએ બાર પહોર અને અરધો અહાર કરવો વિગેરે આ પાઠમાં ફરમાવેલું તે છે કેવી રીતે?”

ઈસમાઈલભાઈ—‘ જા બેટા ! તે વિષે ‘‘સતવેણીની વેલ’’ માં ફરમાવેલું છે કે:-

જ્ઞાનના પાઠ

(વ્રત સુકરવારકી ઉપમાં.)

તબતો એક દિન મત્રાએક આયા,
શુક્રવાર બીજકા વ્રત રખાયા;
ઉસ દિન બીજ હોતી શુક્રવારી,
ઉસકું રખાના બહુાર પહોરી;

કરના બીચમે શુકરીત અહુાર,
ઉસકા લેના સો પાશેર ભાર;
અમીરસ પીણા ઉસમે તીન વાર,
ઉસકા સુણો સકળ વિચાર;

અવ્વલ સભેર જબ રખના વ્રત,
રાતકું અમીરસ પીજે તીત;
ફેર દુસરી જબ હોએ સવાર,
તબ સુકરીત કરના કુછ અહુાર;

દિનકું બીજકા સુણો વીર,
બાર તસબી જપણા શાહ પીર;
આંદરાતકા ફીર સુણો વિચાર,
સાત તસબી કરણા નિરધાર;

છોડવા રાણુ બે નીઆણીજ વીર,
ચાર જણને ખવરાવો સુધીર.

ઉપરના પાઠમાં સૈયદ નરમહમદશાહ ફરમાવે છે કે નબી સાહેબની પાસે મલાયકે આવી શુક્રવારી બીજનુ વ્રત રખાવ્યું અને તેમાં બાર પહોરી બીજ રાખવાની રીત બતાવી કે ગુરૂવારની સવારથી બીજ શરૂ કરવી અને તેજ સાંજના આબે શફા પી પાશેર સુકરીતનો અહાર કરવો તેનું નામ અરધો અહાર કહેવાય; વળી બાર પહોરની અંદર ત્રણ વખત આબે શફાનું પાન કરવું પહેલાં ગુરૂવારની સવારના કે જ્યાથી વ્રત શરૂ થાય છે, ત્યાર બાદ તે દિવસની એટલે ગુરૂવારની સાંજના, અને ત્રીજી વખત શુકરવારની સવારના અને તે વખતે પણ સુકરીતનો થોડો અહાર કરવાનું ફરમાવેલું છે. તેમજ વૃતધારીએ દીવસના કેવી રીતે ખુદાવંદતાલાની બંદગી કરવી તે વિષે પણ કહેલું છે કે ગુરૂવારના દિવસના "શાંડુ પીર" ના નામની બાર તસ્બી જપવી ત્યાર બાદ આંદરાતના યાને સુકરવારનાં સાત તસબી જપવી અને છોડતી વખતે બે નીયાણી અને બે છોકરાને જમાડવાનું ફરમાવેલું છે એ મુજબ બાર પહોરી બીજ ગણાય છે.

હાલના જમાનામાં ફકત ચાર પહોરી એટલે શુકરવારના પાળવામાં આવે છે. અને શુકરવારની સવારના ચાર વાગા અગાઊ સરગી કરવામાં આવેછે, અને ત્યારબાદ નીયાજ પીધા પછી વ્રત શરૂ થાય છે તે સાંજના મગરીબ વખતે સાંજી ખુઆ પછી આબે સફાનુ પ્રાસન કરી વ્રત ખોલવામાં આવેછે."

નાસર—" અહાહા ! બાપા ! સુકરવારી બીજનો કેટલો

મહિમા ? !"

ઇસમાઇલભાઇ—"હા બાપુ ! જુમાનો દિવસ અને તે સાથે ચાંદરાત એનો મહિમા અધીક છે.

જેમ ક્રિસ્ચીયન લોકો આતવારનો દીવસ, યહુદી લોકો શનીવારનો દીવસ, પવિત્ર ગણી જાહેર તહેવાર તરીકે પાળી અને બંદગી કરે છે તેવી રીતે ઇસલામીઓ જુમાના દિવસને મોટો દિવસ ગણી તે દિવસની બંદગીથી અજુગ ફળ હાંસલ થતું ગણે છે; અને ઉપરની ત્રણે કોમમાં તેઓના રાજ્ય તરફથી પણ તે દિવસ જાહેર તહેવાર તરીકે પાળવામાં આવેછે.

વળી 'ચાંદ' એ ઇસલામનું મુખ્ય ચિન્હ છે અને ચંદ્રથીજ ઇસલામનો માસ શરૂ થાય છે અને ચાંદરાતને ઇસલામીઓ મોટું મહાત્મ્ય આપે છે.

આપણુને બતાવેલી એ ફરજ મુજબ આપણે સરવે ઇસમાઇલીઓને તે ફરજ અદા કરવાથી મોટું પુન્ય હાંસલ થય છે."

નાસર—"ખરૂં છે બાપા! આજ કળીયુગમાં વ્રત તરીકે સુકરવારી બીજ છે. અને તે વ્રત રાખી તે દિવસે ખુદાવંદતાલાની બંદગી કરવી એ આપણી ખાસ ફરજ છે."

કમરખાનુ—"વળી બાપા, મેં "બાવન ઘાટી" માં પણ બીજનાં વ્રત માટે વાંચેલું છે તમે કહો તો વાંચી સંભળાવું:—

ગાટી ૯ મી.

(શુકરવારી બીજ નહિ રાખનાર માટે ગાટી.)

નવમી ગાટી વસમી કહીએ,
તે ગાટી દોહેલીમાં કભી ન રહીયે.
તે ગાટી તો રૂકનીજ જાણો,
"જુગઉકાર" તે ગાટીનું નામ પીછાણો.
ત્યાં ફીરસ્તો અગેઆની બેડો,
જેસો રૂપ ફીરંગી બેઠો.
જે કોઈ મોમન બીજ રાખશે નહિ,
પણ બીજ શુકરવારી વ્રત મોમનનું સહી.
જે કોઇ મોમન વ્રત નહિ રાખશે,
તેતો નવમી ગાટીમાંહે રોકાશે.

ઈસમાઇલભાઈ—"હા બેટા! આપણા પીરોએ એવી ભલામણો આ મહાન વ્રત માટે ઘણી જગોએ કરેલી છે."

ગુલબાનુ—"બાપા, અમો સુકરવારી બીજ ઉપર એક ગરબો શીખેલ છીએ તમો કહોતો ગાઈ સંભળાવીએ."

સારાબાઈ—"ગાઓની!!"

(બંને બહેનો ગાય છે.)

શુકરવારી બીજ.

(ગરબો.)

સખી બીજ સુકરવારી રહીયેરે,
વૃત ઉતમ આપણું કહીયેરે;
કદી આળસુ તેમાં ન થઇએરે......સખી. ૧
કહ્યું પીરોનુ ચિતે ધરીયેરે,
કદી વૃતમાં ખંડન ન કરીયેરે,
એવા કાજે પાછા નવ પડીયેરે.....સખી. ૨
ધર્મ કાર્યમાં ધીરજ ધરીયેરે,
જે છે ફર્જ તે પુરણ કરીયેરે;
પછી અખંડ સુખે વિચરીયેરે.....સખી. ૩
રાખી બીજને સુકૃત્ય કરીયેરે,
જરી જુઠું મુખે ન ઉચરીયેરે;
ધ્યાન ધરણીધરમાં ધરીયેરે.....સખી. ૪
નિંદા ઈર્ષાને કુબુદ્ધિ તજીયેરે.
એક ચિતે ખાલીકને ભજીયેરે;
એવા સદગુણો સ્નેહે સજીયેરે.....સખી. ૫
પ્રેમે પાળીને અન્યને કહીયેરે
મિઠા વેણથી શિક્ષણ દઇએરે;
"રસુલ" અખંડ લાવો લઇએરે.....સખી ૬

(રચનાર મા૦ વ૨ ના૦)

ફકરો ૧૧

સાશભાઇ—"વાહ વાહ! કેવો મજાનો ગરબો છે! ઈસ-માલભાઇ તમે ગુલબાનુ તથા કમરબાનુને મોટા જમાતખા-ના સ્કુલમાં મોકલો છો તે બહુજ સારૂં કરો છો, કારણકે તેથી તેઓ આવું આવું શીખે છે. દુન્યવી કેળવણી સાથે ધાર્મિક કેળવણીની ખાસ જરૂર છે, અને તે ત્યાં સારી રીતે અપાય છે એ બહુ ખુશી થવા જેવી બાના છે. વારૂ, ભાઇ હવે વખત થઇ ગયો છે માટે ચાલો જમાતખાને જઇએ."

સર્વ ઉઠી જમાતખાના તરફ રવાના થયા.